# રાજ્યમાં સિઝનનો 25 ટકા વરસાદ પડી ગયો

**ગરૂડેશ્વર** અને ગોધરામાં નજીવા વરસાદ સિવાય સમગ્ર રાજ્ય કોરું

**અત્યાર** સુધી રાજ્યમાં 8,324 લોકોનું સ્થળાંતર, શેત્રુંજી ડેમ છલકાયો



ગાંધીનગર : ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી ધોધમાર વરસાદ બાદ હવે વરસાદે અસ્થાયી વિરામ લીધો છે. શુક્રવારે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના એકપણ તાલુકામાં વરસાદ નોંધાયો નહોતો, જ્યારે છેલ્લા 24 કલાકમાં માત્ર ગરૂડેશ્વર અને ગોધરામાં નજીવો વરસાદ પડ્યો હતો. જોકે હવામાન વિભાગે 11થી 17 જુલાઈ દરમિયાન રાજ્યના અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરતાં ફરી એકવાર તંત્રને એલર્ટ રહેવા સૂચના આપી છે. બીજી તરફ ભારે વરસાદના કારણે અત્યાર સુધી 8,324 લોકોનું સ્થળાંતર અને 3,711 લોકોનું રેસ્ક્યૂ કરવું પડ્યું છે. બજી તરફ રાજ્યમાં ચોમાસાની સિઝનમાં અત્યાર સુધી સરેરાશ 223.88 મિમી એટલે કે 24.63 ટકા વરસાદ નોંધાયો છે.

ગુજરાતમાં મેઘરાજાએ થોડો વિરામ લીધો હોવા છતાં ચોમાસાની અસર હજુ યથાવત્ છે. રાજ્યના જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે અને અમરેલીનો શેત્રુંજી ડેમ 100 ટકા ભરાઈ ગયો છે, જ્યારે ધાતરવાડી ડેમ ઓવરફ્લો થઈ રહ્યો છે.

સુખી ડેમ 72.68 ટકા, પાનમ 55.97 ટકા, ધરોઈ 47.05 ટકા અને ઉકાઈ ડેમ 39.43 ટકા ભરાયો છે. ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા રાજ્યભરમાં NDRFની 12 ટીમો અને SDRFની 26 પ્લાટૂનો તૈનાત રાખવામાં આવી છે. સુરતમાં સૌથી વધુ 4,683 લોકોનું સ્થળાંતર અને 3,416 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

### હવામાન વિભાગની વરસાદ માટેની આગાહી

» 11 અને 12 જુલાઈએ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

» 13થી 17 જુલાઈ દરમિયાન મુખ્યત્વે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ગીર સોમનાથમાં છૂટાછવાયા વરસાદની સંભાવના

### ઝોનવાર આંકડા

| ઝોન | વરસાદ |
|---|---|
| દક્ષિણ ગુજરાત | 34.69 ટકા |
| સૌરાષ્ટ્ર | 27.61 ટકા |
| પૂર્વ-મધ્ય | 17.31 ટકા |
| ઉત્તર ગુજરાત | 14.09 ટકા |
| કચ્છ | 1.92 |

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે રાજ્યમાં વરસાદી માહોલમાં વિરામ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના એકપણ તાલુકામાં વરસાદ નોંધાયો નહોતો. બીજી તરફ તાપમાનમાં વધારો જોવા મળ્યો હતો. અમદાવાદ, રાજકોટ અને ડીસામાં 36 ડિગ્રી, ભાવનગર અને કંડલા એરપોર્ટ પર 37 ડિગ્રી, ભૂજમાં 36 ડિગ્રી, ગાંધીનગરમાં 35 ડિગ્રી, સુરતમાં 32 ડિગ્રી અને દમણમાં 31 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ઉત્તર પ્રદેશ ઉપર સર્જાયેલી લો-પ્રેશર સિસ્ટમ હવે નબળી પડી રહી છે, જ્યારે ગુજરાત-મહારાષ્ટ્રના દરિયાકાંઠાનો ઓફશોર ટ્રફ પણ નબળો બન્યો છે.

જોકે નીચલા સ્તરે પશ્ચિમી પવનો સક્રિય હોવાથી આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વરસાદી ઝાપટાં ચાલુ રહેવાની શક્યતા છે.

# જગન્નાથ રથયાત્રા રૂટના મકાનોના જોખમી ભાગ દૂર કરાયા

**મધ્ય** ઝોનમાં 253 અને ઉત્તર ઝોનમાં 18 મકાનને નોટિસ આપવામાં આવી

### રથયાત્રાના રૂટ પર તૈયારી

- 544 બાંધકામો પર નજર
- 97 CCTV કેમેરા કાર્યરત
- 207 ફાયર બ્રિગેડના જવાનો
- 100થી વધુ મેડિકલ ટીમ

અમદાવાદ : અમદાવાદમાં આગામી 16 જુલાઈએ અષાઢી બીજના રોજ નીકળનારી ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે રથયાત્રા શાંતિપૂર્ણ, સુરક્ષિત અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે માટે અમદાવાદ મનપા, પોલીસ તંત્ર અને જગન્નાથ મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. શહેરના મેયર હિતેશ બારોટ, સ્થાનિક ધારાસભ્ય, ડેપ્યુટી મેયર તેમજ મંદિરના ટ્રસ્ટીઓએ સમગ્ર રથયાત્રા રૂટનું નિરીક્ષણ કરીને વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. શહેરના જમાલપુરમાં આવેલા જગન્નાથ મંદિરેથી ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રા નીકળીને શહેરના વિવિધ માર્ગો પર ફરીને સાંજે નીજ મંદિરે પરત વતા હોય છે. આ પરંપરાગત રથયાત્રાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જેના ભાગરૂપે આજે જગન્નાથ મંદિરથી સરસપુર ખાતે આવેલા ભગવાનના મોસાળ રણછોડજી મંદિર સુધીના સમગ્ર રૂટ પર રોડનું સમારકામ, સફાઈ, સ્ટ્રીટલાઈટ, પાણી અને અન્ય નાગરિક સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. રથને અવરોધરૂપ બને તેવા વૃક્ષોનું ટ્રિમિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે તેમજ રૂટ પર આવેલા જર્જરિત મકાનોની આસપાસ સુરક્ષા માટે પતરાં અને ગ્રીન નેટ લગાવવામાં આવ્યા છે.

જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું કે રૂટ નિરીક્ષણ દરમિયાન સમગ્ર માર્ગ પર કોઈ મોટી ખામી જોવા મળી નથી, તમામ વિભાગોએ સમય પહેલાં જ કામગીરી કરી છે. રથયાત્રામાં જોડાનારા લાખો ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે તમામ વિભાગો વચ્ચે સંકલન કરીને આગોતરી આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવી છે. રથયાત્રાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન રૂટ પર આવેલા 270થી વધુ ભયજનક મકાનોને નોટિસ આપવામાં આવી છે. જેમાં મધ્ય ઝોનમાં 253 અને ઉત્તર ઝોનમાં 18 મકાનોનો સમાવેશ થાય છે. આ કામગીરી અંતર્ગત અત્યાર સુધીમાં 139 જેટલા મકાનોના જોખમી ભાગો દૂર કરવામાં આવ્યા છે, જેથી કોઈ દુર્ઘટના સર્જાય નહીં.

## દાદર-હઝરત નિઝામુદ્દીન વીકલી સ્પેશિયલ ટ્રેનના ફેરા રદ

સુરતઃ કેટલાક અનિવાર્ય ઓપરેશનલ (પરિચાલન) કારણોસર દાદર અને હઝરત નિઝામુદ્દીન વચ્ચે દોડતી વીકલી સ્પેશિયલ ટ્રેનોના ફેરા રદ કરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુરુવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ દાદરથી પોતાની યાત્રા શરૂ કરનારી ટ્રેન નંબર ૦૪૦૦૧ દાદર - હઝરત નિઝામુદ્દીન વીકલી સ્પેશિયલ ટ્રેનનો એક ફેરો સંપૂર્ણપણે રદ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, આ જ રૂટ પર પરત ફરતી ટ્રેન એટલે કે મંગળવાર, ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ હઝરત નિઝામુદ્દીનથી પોતાની યાત્રા શરૂ કરનારી ટ્રેન નંબર ૦૪૦૦૨ હઝરત નિઝામુદ્દીન - દાદર વીકલી સ્પેશિયલનો એક ફેરો પણ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# ઈન્ડોનેશિયાને ભારતે બ્રહ્મોસ મિસાઈલ વેચ્યું તેને કારણે ચીનના પેટમાં તેલ રેડાશે

ટુ ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪

પાકિસ્તાન વિરુદ્ધ ભારત વચ્ચેના ઓપરેશન સિંદૂર દરમિયાન જે બે શસ્ત્રોની સૌથી વધુ ચર્ચા થઈ હતી તે હતાં S-૪૦૦ અને બ્રહ્મોસ મિસાઈલ. ભારતે રશિયા પાસેથી S-૪૦૦ મેળવ્યું હતું અને બ્રહ્મોસ પણ ભારત અને રશિયા વચ્ચેનું સંયુક્ત સાહસ છે. S-૪૦૦ એક રક્ષણાત્મક શસ્ત્ર છે, જે દુશ્મન દેશ દ્વારા છોડવામાં આવેલા મિસાઈલને તોડી પાડે છે, જ્યારે બ્રહ્મોસ એક આક્રમક શસ્ત્ર છે. તેનો અર્થ એ કે S-૪૦૦ બાહ્ય હુમલાઓને અટકાવે છે અને બ્રહ્મોસ દુશ્મન દેશ પર હુમલા કરે છે. બ્રહ્મોસ એક સુપરસોનિક મિસાઇલ છે અને ભારત હવે તેની નિકાસ કરી રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ અઠવાડિયે ઇન્ડોનેશિયાની મુલાકાત લીધી હતી અને તે મુલાકાત દરમિયાન બ્રહ્મોસના સોદાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. ભારતે અગાઉ બ્રહ્મોસ મિસાઈલ ફિલિપાઇન્સને વેચ્યું હતું. જાન્યુઆરી ૨૦૨૨ માં ફિલિપાઇન્સના સંરક્ષણ સચિવ ડેલ્ફિન લોરેન્ઝાનાએ ૩૧ ડિસેમ્બરના રોજ બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઇવેટ લિમિટેડને જારી કરાયેલ નોટિસ ઓફ એવોર્ડમાં ૩૭.૪ કરોડ ડોલરના સોદાને મંજૂરી આપવાની જાહેરાત કરી હતી.

બ્રહ્મોસ મિસાઇલ રશિયાના સહયોગથી વિકસાવવામાં આવી હતી અને તે રશિયાની P-૮૦૦ ઓનિક્સ તથા યાખોન્ટ ક્રુઝ મિસાઇલ પર આધારિત છે. આજે પણ, બ્રહ્મોસના ૨૦ થી ૩૦ ટકા ઘટકો રશિયાથી આવે છે. ખાસ કરીને, તેનું રિમેનન્ટ એન્જિન પણ રશિયાનું છે. તે હજુ ૧૦૦ ટકા ભારતીય મિસાઇલ નથી. તેના વર્તમાન સંસ્કરણની સ્ટ્રાઇક રેન્જ લગભગ ૫૦૦ કિલોમીટર છે, પરંતુ નિકાસ કરવામાં આવતાં સંસ્કરણની રેન્જ ૨૯૦ કિલોમીટર છે, જે મિસાઇલ ટેક્નોલોજી કંટ્રોલ રેજીમ (MTCR) ની ૩૦૦ કિલોમીટરની મર્યાદામાં રહે છે. ૨૦૦૪માં પ્રથમ પરીક્ષણ કર્યા પછી આ મિસાઇલને ૨૦૦૭માં ભારતીય સશસ્ત્ર દળોમાં સામેલ કરવામાં આવ્યું હતું. આ મિસાઇલનાં વિવિધ સંસ્કરણો ભારતીય સેના, વાયુસેના અને નૌકાદળ સાથે કાર્યરત છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે જ્યારે ભારત બ્રહ્મોસ વેચે છે, ત્યારે શું તેણે રશિયાની સંમતિ પણ લેવી પડે છે? શું બ્રહ્મોસની કમાણીમાંથી ભારતે રશિયાને ભાગ આપવો પડે છે?

ભારત જે દેશોને બ્રહ્મોસ પ્રદાન કરી રહ્યું છે તેમના ચીન સાથે દરિયાઇ અને પ્રાદેશિક વિવાદો છે. ડૉ. લક્ષ્મણ કુમાર કહે છે કે આ દેશોની લશ્કરી ક્ષમતાઓમાં વધારો કરીને ભારત દક્ષિણ ચીન સમુદ્રમાં ચીન સામેના પડકારોમાં વધારો કરી રહ્યું છે. ડૉ. લક્ષ્મણ કુમાર કહે છે કે ભારત માટે વ્યૂહાત્મક રીતે ફાયદાકારક છે કે ચીન પોતાના પડોશમાં પૂરતા પડકારોમાં રોકાયેલું રહે. આનાથી તેનું ધ્યાન ભટકશે અને તે ભારત અને હિંદ મહાસાગર ક્ષેત્ર પર વધુ દબાણ લાવતાં અટકાવશે. ભારતીય સંરક્ષણ વિશ્લેષક અને ઓસ્ટ્રેલિયન સ્ટ્રેટેજિક પોલિસી ઇન્સ્ટિટ્યૂટના રેસિડેન્ટ



સિનિયર ફેલો રાજેશ્વરી પિલ્લઈ રાજગોપાલનના મતે બ્રહ્મોસ મિસાઇલનો સોદો ફક્ત લશ્કરી શક્તિ વધારવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં એક મોટો વ્યૂહાત્મક સંદેશો પણ છે.

સંરક્ષણ વિશ્લેષક રાહુલ બેદી કહે છે કે બ્રહ્મોસ સોદામાં આ સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. ભારતે ક્યારેય ખુલ્લેઆમ કહ્યું નથી કે બ્રહ્મોસના બૌદ્ધિક સંપદા અધિકારો કોના છે. જો ભારતે બ્રહ્મોસ ફિલિપાઇન્સને વેચી દીધું હોય તો રશિયાની સંમતિ વિના તે શક્ય ન હોત. હવે ઇન્ડોનેશિયા સાથે બ્રહ્મોસનો સોદો થયો છે. વિયેતનામ સાથે વર્ષોથી વાટાઘાટો ચાલી રહી છે. વેચાણમાંથી મળેલી રકમમાંથી રશિયાનો કેટલો હિસ્સો છે તે જાણી શકાયું નથી. સ્વાભાવિક છે કે રશિયાને પણ હિસ્સો મળશે. બ્રહ્મોસ અનોખી સુપરસોનિક મિસાઇલ છે. તેને ટ્રેક કરવી ખૂબ જ મુશ્કેલ છે. ઘણા દેશોએ બ્રહ્મોસમાં રસ દર્શાવ્યો છે. ફિલિપાઇન્સે તેના દરિયાકાંઠાના વિસ્તારો માટે રક્ષણાત્મક ભૂમિકામાં બ્રહ્મોસને અપનાવ્યું છે. ઇન્ડોનેશિયાએ પણ તેને રક્ષણાત્મક ભૂમિકામાં અપનાવ્યું છે. મનોહર પારિકર સંરક્ષણ પ્રધાન હતા ત્યારથી વિયેતનામને બ્રહ્મોસ આપવાની વાત ચાલી રહી હતી. અગાઉ ચીન નારાજ થવા અંગે ખચકાટ હતો, પરંતુ ભારત હવે ખચકાટ અનુભવતું નથી.

દિલ્હી સ્થિત જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના સ્પેશ્યલ સેન્ટર ફોર નેશનલ સિક્યુરિટી સ્ટડીઝના એસોસિયેટ પ્રોફેસર લક્ષ્મણ કુમાર કહે છે કે બ્રહ્મોસ એ રશિયા અને ભારત વચ્ચેનો દ્વિપક્ષીય મામલો છે, તેથી ઘણી બાબતો જાહેર નથી, પરંતુ એ સ્પષ્ટ છે કે ભારત રશિયાની સંમતિ વિના કોઈને બ્રહ્મોસ વેચી શકે નહીં. સંરક્ષણ વિશ્લેષક અને સોસાયટી ઓફ પોલિસી સ્ટડીઝના ડિરેક્ટર સી. ઉદય ભાસ્કર કહે છે કે ભારત રશિયાની સંમતિ વિના બ્રહ્મોસ કોઈને પણ વેચી શકે નહીં. રશિયાની સંમતિ ફરજિયાત છે. નિકાસ પછી ભારતને જે નાણાં મળે છે તેમાં રશિયાનો પણ હિસ્સો છે. તેના બૌદ્ધિક સંપદા અધિકારો ભારત અને રશિયા બંને પાસે છે. આ સંપૂર્ણપણે ભારતીય મિસાઇલ નથી. મારું માનવું છે કે તેની નિકાસે સુરક્ષા અને વ્યૂહાત્મક ક્ષેત્રમાં ભારતની વિશ્વસનીયતાને વધુ મજબૂત બનાવી છે. આ ખાસ કરીને એવા સમયે મહત્ત્વપૂર્ણ છે જ્યારે ઘણા ASEAN દેશો ચીનની વધતી જતી લશ્કરી તાકાત અંગે ખૂબ ચિંતિત છે અને તેમની સુરક્ષા ચિંતાઓને દૂર કરવા માટે પ્રમાણમાં સસ્તા અને વિશ્વસનીય સુરક્ષા વિકલ્પો શોધી રહ્યા છે.

દક્ષિણ ચીન સમુદ્રના વિવાદમાં ઇન્ડોનેશિયા દાવેદાર ન હોવા છતાં ઇન્ડોનેશિયાના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રમાં અને નાટુના ટાપુઓની આસપાસ ચીનનું અતિક્રમણ ચિંતાનું કારણ રહ્યું છે. બ્રહ્મોસ સોદાને દરિયાઇ ક્ષેત્રમાં ઓછામાં ઓછા મર્યાદિત અવરોધ વિકસાવવાના પ્રયાસ તરીકે જોવો જોઇએ. આ સોદો ભારત માટે વ્યૂહાત્મક અને વ્યાપારી બંને રીતે એક મોટી સફળતા છે. ભારતે આખરે પોતાનો જૂનો ખચકાટ છોડી દીધો છે અને હવે તે અન્ય દેશોને ચીનને અસરકારક રીતે જવાબ આપવામાં મદદ કરી રહ્યું છે. ઇન્ડોનેશિયા પાસે પહેલાંથી જ રશિયન બનાવટના સુખોઈ ફાઇટર જેટનો કાફલો છે, જે બ્રહ્મોસ મિસાઇલ સાથે સુસંગત છે. તેથી આ સોદો યોગ્ય છે. ભવિષ્યમાં ભારતના સંરક્ષણ ગ્રાહક તરીકે ઇન્ડોનેશિયા નોંધપાત્ર સંભાવના ધરાવે છે.

વ્યૂહાત્મક બાબતોના નિષ્ણાત બ્રહ્મા ચેલ્લાની માને છે કે બ્રહ્મોસ ઓછા શ્રીમંત રાષ્ટ્રો માટે એક મહત્ત્વપૂર્ણ હથિયાર તરીકે ઉભરી આવ્યું છે. આ પ્રમાણમાં ઓછી કિંમતનું મિસાઇલ વધુ શક્તિશાળી પ્રતિસ્પર્ધીને પણ અપ્રમાણસર રીતે દબાવી દેવાની ક્ષમતા ધરાવે છે. મેક ૨.૮ થી ૩.૦ની અથવા ધ્વનિની ગતિ કરતાં લગભગ ત્રણ ગણી ઝડપે ઊડતાં બ્રહ્મોસને વિશ્વનું અગ્રણી સુપરસોનિક ક્રુઝ મિસાઇલ માનવામાં આવે છે. ગતિ ઊર્જા ચોરસ વેગના પ્રમાણમાં વધે છે, તેથી ભારતના સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન અને રશિયાના NPO માશિનોસ્ટ્રોયેનિયા વચ્ચે સંયુક્ત સાહસ તરીકે વિકસાવવામાં આવેલ બ્રહ્મોસ અમેરિકન હાર્પૂન અને ફ્રાન્સની એક્સોસેટ જેવા પરંપરાગત સબસોનિક ક્રુઝ મિસાઇલો કરતાં ઘણી વધુ વિનાશક અસર ઉત્પન્ન કરે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતની સંરક્ષણ નિકાસમાં વધારો થયો છે અને સરકારે ૨૦૨૬ સુધીમાં ૫ અબજ ડોલરની સંરક્ષણ સામગ્રીની નિકાસ હાંસલ કરવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. સંરક્ષણ ઉદ્યોગમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. શરૂઆતમાં બ્રહ્મોસ મિસાઇલ મોટા ભાગે રશિયન હતું, પરંતુ હવે DRDO એ તેને અપનાવ્યું છે. આમ છતાં તેની રશિયન ઘટકો પરની નિર્ભરતા સમાપ્ત થઈ નથી. બ્રહ્મોસને ફક્ત સંરક્ષણ નિકાસ તરીકે જોવું જોઈએ નહીં. તેનાં ભૂ-રાજકીય પરિણામો પણ છે. ઇન્ડોનેશિયા મલાક્કા સ્ટ્રેટમાં ખૂબ જ વ્યૂહાત્મક સ્થાને સ્થિત છે. ઇન્ડોનેશિયા ચીન પર તેની નિર્ભરતા ઘટાડવા માંગે છે. જો ઇન્ડોનેશિયા ભારત પાસેથી દરિયાઈ સંરક્ષણ ક્ષમતાઓ મેળવે છે, તો તે સંદેશ આપે છે કે તે વ્યૂહાત્મક સ્વાયત્તતા ઇચ્છે છે. એટલે કે તે ચીનના વિસ્તરણવાદની વિરુદ્ધ છે. ભારતનો સંરક્ષણ ઉદ્યોગ મોટો છે, પરંતુ તેનું મોટા ભાગનું ઉત્પાદન ભારતીય સશસ્ત્ર દળોની જરૂરિયાતોને પૂર્ણ કરવા પર કેન્દ્રિત છે. વિદેશી કંપનીઓનાં લાઇસન્સ હેઠળ નોંધપાત્ર પ્રમાણમાં સંરક્ષણ સાધનોનું ઉત્પાદન પણ થાય છે. ચીન સાથે વિવાદ ધરાવતા દેશોને બ્રહ્મોસ વેચીને ભારતે વિવાદનો મધપૂડો છેડી દીધો છે, પણ તેમાં રશિયાની મૂક સંમતિ હોવાથી ચીન કાંઈ કરી શકે તેમ નથી.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ચીન સાથે વિવાદ ધરાવતા દેશોને બ્રહ્મોસ વેચીને ભારતે વિવાદનો મધપૂડો છેડી દીધો છે, પણ તેમાં રશિયાની મૂક સંમતિ હોવાથી ચીન કાંઈ કરી શકે તેમ નથી**

# BUSINESS મિત્ર

## રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૬.૨૮ લાખ કરોડનો તોતિંગ વધારો; રિયલ્ટી અને પીએસયુ બેંકો ચમક્યા

# સેન્સેક્સ ૮૨૭ પોઇન્ટ ઊછળ્યો, નિફ્ટી ૨૪,૨૦૦ પાર!

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 10:** ઈરાન-યુએસ સાથેના યુદ્ધ વિરામ પુર્ણ થઇ ગયા બાદ જોરદાર કડાકા બાદ સતત બે દિવસથી સુધરી રહ્યા છે. જેમાં આજે નિફ્ટી 24200 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી. જ્યારે સેન્સેક્સ 827 પોઈન્ટ સુધર્યો હતો. જેના લીધે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કપમાં રૂ. 6.28 લાખ કરોડનો વધારો થયો છે.

સેકટર વાઇઝ જોઈએ તો નિફ્ટી પર એફએમસીજી સિવાયના તમામ સેકટર પોઝિટિવ રહ્યા હતા. જેમાં નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 3.5 ટકા, પીએશયુ બેન્ક ઈન્ડેક્સ 3 ટકા અને આઈટી ઈન્ડેકસ 2 ટકા તેમજ મેટલ ઈન્ડેક્સ 1.5 ટકા વધ્યો હતો.

આ દરમ્યાન રૂપિયો સપાટ બંધ રહ્યો હતો. જ્યારે ક્રુડ ઓઈલના ભાવમાં નજીવો સુધારો જોવાયો હતો. એશિયન બજારો પણ તેજી જોવા મળી હતી. દક્ષિણ કોરિયાનો કોસ્પી અને નિક્કી સહિત એશઈયન બજારોમાં સુધારો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 827.57 પોઈન્ટ એટલે કે 1.08 ટકા વધીને 77569.39 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77642 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77320 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 244.10 પોઈન્ટ એટલે કે 1.02 ટકા વધીને 24200 પોઈન્ટની સપાટી કુદાવીને 24206.90 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24228 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24120 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 793.45 પોઈન્ટ એટલે કેક 1.39 ટકા વધીને 58000 પોઈન્ટની સપાટી કુદાવીને 58045.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જીએમઆર એરપોર્ટસમાં 28.12 ગણા, ન્યુજન સોફ્ટવેરમાં 9.55 ગણા, એફલ થ્રીઆઈમાં 6.69 ગણા, સ્ટાર હેલ્થમાં 6.54 ગણા અને આઈનોક્સ વીન્ડમાં 6.27 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ન્યુજન સોફ્ટવેરમાં 38.04 ગણા, એલીકોન એન્જીનીયરીંગમાં 9 ગણા, મેગ્લોર રિફાઈનરીમાં 8.79 ગણા, સીડીએસએલમાં 5.43 ગણા અને બાટા ઈન્ડિયામાં 4.32 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવા મળ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડ્કેસ 1.40 ટકા વધ્યાહ તા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેકેસ 1.20 ટકા વધ્યા હતા, જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યા હતા. બીએસઈ ખાતે 2866 શેરો વધ્યા હતા, જ્યારે 1369 શેરો ઘટયા હતા અને 179 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 3.49 ટકા ઉછળ્યા હતા, જેમાં બ્રિગ્રેડ એન્ટર, ગોદરેજ પ્રોપર્ટીઝ, ડીએલએફ, શોભા, પ્રેસ્ટીજ એસ્ટેટ, એબી રિયલ એસ્ટેટ, અનંતરાજ, ફોનીક્સ મીલ્સ, લોઢા ડેવલપર્સ અને ઓબેરોય રિયલ્ટી ઉછળ્યા હતા.

વૈશ્વિક સ્તરે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે સતત રાજદ્વારી જોડાણના સંકેતોએ મીડલ ઈસ્ટના સંઘર્ષ વિશે રોકાણકારોની ચિંતાઓને દુર કરી હોવાથી યુરોપિયન બજારો મિશ્ર ખુલ્યા બાદ સુધર્યા હતા. ગઈકાલે અમેરિકન બજારો સુધારા સાથે બંધ રહેતા એશિયન બજારો ઉંચા બંધ રહ્યા હતા. જેમાં સેમિકંડકટર શેરોમાં રેલી જોવા મળી હતી. મજબૂત કોર્પોરેટ કમાણી ટેકનોલોજી સેકટરના શેરોમાં રેલી વિસ્તૃત કરશે.

### રૂપિયામાં સુધારો આગળ વધ્યો

અમેરિકા અને તેહરાન વચ્ચે ફરીથી રાજદ્વારી વાટાઘાટો ચાલશે તેવા અહેવાલોની પાછળ ક્રુડ ઓઇલમાં ઉછાળો અટકીને નજીવો ઘટાડા તરફી વલણ રહ્યું હતું, જેના પગલે ડોલરની સામે રૂપિયો 7 પૈસા સુધરીને 95.32ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.39ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.57, પાઉન્ડ 128.82, કેનેડિયન ડોલર 67.13, ઓસ્ટ્રેલિયન ડોલર 66.72, જાપાનીઝ યેન 0.5892 અને સીંગાપોર ડોલર 73.89ના સ્તરે બંધ રહ્યા હતા.

#### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 95.32 રૂ. |
| યુરો | 109.57 રૂ. |
| પાઉન્ડ | 128.82 રૂ. |
| યેન | 0.5891 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 827.57 | 77569.39 |
| નિફ્ટી | 244.10 | 24206.90 |
| બેન્ક નિફ્ટી | 793.45 | 58045.90 |

#### નિફ્ટી — ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જિયો ફાઇ. | 3.68 | 241.96 |
| HDFC લાઇફ | 2.87 | 567.70 |
| અદાણી એન્ટર | 2.39 | 3157.30 |
| એસબીઆઇ લાઇફ | 2.26 | 1862.90 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.19 | 1307.80 |

#### નિફ્ટી — ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 1.99 | 1244.30 |
| ઇટર્નલ | 0.96 | 289.65 |
| ભારતી એરટેલ | 0.55 | 1920.40 |
| નેસલે ઇન્ડિયા | 0.55 | 1455.20 |
| સન ફાર્મા | 0.17 | 1935.50 |

#### સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 2.28 | 1308.85 |
| ટેક મહિન્દ્રા | 2.19 | 1455.45 |
| બીઇએલ | 2.17 | 414.85 |
| એક્સીસ બેન્ક | 1.92 | 1324.00 |
| ટાટા સ્ટીલ | 1.78 | 191.15 |

#### સેન્સેક્સ — ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 0.89 | 289.65 |
| ભારતી એરટેલ | 0.49 | 1921.10 |
| સન ફાર્મા | 0.19 | 1935.25 |
| ટ્રેન્ટ | 0.04 | 2902.75 |
| આઇટીસી | 0.02 | 281.90 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ ’’ | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-30 | ૪૫૫૦ |
| એસ-30 | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૩૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૮૮૦ |
| તેજાબી સોનું | ૧૪૭૭૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૦૪૯૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૪૯૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૮૮૦૦ |
| ચાંદી (૯૯) | ૨૨૭૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૮૫૦૦ |

# નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ વિક્રમી ઉંચાઈએ પહોંચ્યો

મુંબઇ, તા. 10: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ ચાલી રહી છે, ત્યારે નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ વિક્રમી ઉંચાઈએ પહોંચ્યો હતો, જેમાં એક ટકાનો વધારો થયો હતો. જેમાં ઈન્ડિયન બેન્ક, કલ્યાણ જ્વેલર્સ જેવા શેરોએ આગેવાની લીધી હતી. ટ્રેડિંગના અંતે નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 1.40 ટકાની મજબૂતીની સાથે બંધ રહ્યો હતો.

સૌથી મોટો ઉછાળો ઈન્ડિયન બેન્કમાં થયો હતો, જે આજે 10.11 ટકા વધઈને રૂ. 873.35 પર બંધ રહ્યો હતો. જેનું કારણ જુન કવાર્ટરમાં સારૂ પ્રદર્સન છે.

# ખેતીની આવકની ગણતરી અને કરમુક્તિ

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

આવકવેરા કાયદાની કલમ-2 (A) મુજબ ખેતીની આવક કરમુક્ત છે. ખેતીની જમીન ખેતીના હેતુસર ઉપયોગમાં લીધેલી હોવી જોઈએ. કલમ-2 (IA)ના ક્લોઝ (a) હેઠળ ‘‘ભાડું કે મહેસૂલ જે ખેતીની જમીનના ખેતીના કામ માટે ઉપયોગથી મળે’’ તેને ખેતીની આવક ગણી શકાય. જ્યારે ક્લોઝ (બી) અને ક્લોઝ (સી) જે રેગ્યુલર ખેતીની પ્રક્રિયા દ્વારા મળતી ઉપજને મેળવવા જમીન ઉપર મૂળભૂત પ્રક્રિયા જેવી કે જમીનને ખેડવી, બીજ વાવવા, પ્લાન્ટેશન જેવા કાર્યો થવા જરૂરી છે.

ખેતીની આવક કરપાત્ર નથી તેથી કરદાતાઓમાં આવકને ખેતીમાં ખપાવી દેવાની કોશિષ થાય છે. પરંતુ આકારણીમાં આવી વધારાની બતાવેલ આવક પૂરવાર નહિ થાય તો તેને ધંધાકીય અથવા અઘોષિત આવક તરીકે ગણીને ટેક્ષ અને દંડ વસૂલાય છે તેથી કરદાતાઓએ રીટર્નમાં એને યોગ્ય રીતે દર્શાવવી જરૂરી છે. ખેતીની આવક કરમુક્ત ભલે છે. પરંતુ એને રીટર્નમાં દર્શાવવાની ખાસ પધ્ધતિ છે અને અન્ય બીજી આવક સાથે એને ભેગી કરીને કરવેરાના દરના હેતુસર (Rate Purpose)ગણતરી કરવાની છે.

**ખેતીની આવક પૂરવાર કરવી**

ખેતીની આવક કરમુક્તિને પાત્ર છે તેથી ખેતીની છે અને સાચી છે તે પૂરવાર કરવાની પ્રાથમિક જવાબદારી કરદાતાની છે. કરદાતાએ ખેતીની ઉપજતા બીલ, ખર્ચાના વાઉચરો વિગેરે રજૂ કરવાના રહે છે. જેથી આવી આવકની સચ્ચાઈ જાણી શકાય- કેટલાક ઉપયોગી ચૂકાદાઓ.

**સી.આઈ.ટી.વિ. વેંકટ સ્વામી નાયડુ (સુપ્રિમ કોર્ટ)**

સી.આઈ.ટી. વિ. રામકૃષ્ણ દેવ (સુપ્રિમ કોર્ટ)

રાજા બહાદુર વિશ્વેશ્વરા સિંઘ (પટણા)

**ખાતા ઉપર જવાબદારી ક્યારે?**

કરદાતા પૂરતા પ્રમાણમાં પૂરાવાઓ રજૂ કરે ત્યારે ખેતીની આવક તરીકે સ્વીકારવા કે નહિ અને કરપાત્ર ગણવાની પૂરવાર કરવાની જવાબદારી ખાતાની બને છે, તે મુજબનો ઓરિસ્સા હાઈકોર્ટનો વિક્રમ દવે વર્માનો ચૂકાદો છે. કમિશનર ઓપ વેલ્થ ટેક્ષ વિ. ઓફિસર ઈનચાર્જ પઈગાહ (સુપ્રિમ કોર્ટ)નો ચૂકાદો છે.

**માન્ય વાઉચર્સ**

કરદાતા દ્વારા રજૂ કરવામાં આવતા ઉપજ વેચાણના વાઉચર્સ, બીલો, સ્વ-નિર્મિત (Selt made) પ્રકારના હોય છે જે સામે આવકવેરા અધિકારીને વાંધો હોય છે. પરંતુ આ અંગે કોઈ નિ?મ કે પરિપત્ર નથી. કરદાતા જો કેટલાક, પાકો જેવા કે રોકડ, ખરીફ જાતો, બટાટા, કાંદા અને શેરડી જેવા પાકો લે તો હોય તો સુગર મીલો, સહકારી મંડળીઓ કે ખેતીવાડી માર્કેટ કમીટીના પાકા બીલો મળી રહે છે તથા તે કમાનુસાર (Seaial) મુજબ હોય છે. આમ આવ જાતે બનાવેલ બીલો હંમેશા શંકાના દાયરામા રહે છે. પરંતુ તે અમાન્ય જ ગણાય એવો કોઈ કાયદો નથી. ખેતીની કેટલીક જાતો જી.એસ.ટી.ના દાયરામાં આવતી નથી તેથી તે કારણસર તથા આવા બીલો ગમે તેમ બનાવેલા છે, લેનારના એડ્રેસ મળતા નથી વિગેરે કારણોસરો અમાન્ય થાય નથી. આ અંગે ઈન્સેપ્કટર દ્વારા સ્થળ તપાસ પણ થવી જોઈએ.

એસેસમેન્ટમાં ખેતીની આવકની આકારણી કેવી રીતે થાય છે તથા ખર્ચાઓ કેટલા પ્રમાણમાં માન્ય ગણાય છે તે આવકા અંકે.

# જુનમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડનો પ્રવાહ વધીને રૂ. 28973 કરોડ

**ડેટ ફંડમાં** એક લાખ કરોડ રૂપિયાથી વધુનો આઉટફ્લો અને ગોલ્ડ ઇટીએફમાં મે મહિનામાં રૂ. 725 કરોડનો આઉટફ્લો થયો

નવી દિલ્હી, તા. 10: એસોસીએશન ઓફ મ્યુચ્યુઅળ ફંડસ ઇન ઈન્ડિયા-એમ્ફી દ્વારા જાહેર કરવામાં આંકડા અનુસાર ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડનો પ્રવાહ જુનમાં વધીને રૂ. 28973 કરોડ થયો હતો, જે અગાઉના મહિનામાં નરમ તયા પછી ફરીથી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારણાનો સંકેત આપે છે. જ્યારે ઈક્વિટી પ્રવાહ દર મહિને સુધર્યો હતો, ત્યારે તે માર્ચ અને એપ્રિલમાં જોવા મળેલા સ્તરથી નીચે રહ્યો હતો, જ્યારે રોકાણકારોએ અનુક્રમે રૂ.40,000 કરોડ અને રૂ.38,000 કરોડનું રોકાણ કર્યું હતું. ઈક્વિટી સ્કીમ્સની એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) પણ જૂનમાં વધીને 37.34 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે, જે મે મહિનામાં 36.14 લાખ કરોડ રૂપિયા હતી. હાઈબ્રિડ ફંડ્સે રોકાણકારોનું રસ આકર્ષિત કરવાનું ચાલુ રાખ્યું હતું, જે અગાઉના મહિનામાં રૂ.10,560 કરોડની તુલનામાં રૂ.12,893 કરોડનો ચોખ્ખો પ્રવાહ નોંધાવ્યો હતો.

દરમ્યાન ડેટ મ્યુચ્યુઅલ ફંડસમાં વધુ એક મહિનો ભારે આઉટફલો જોવા મળ્યો હતો, જેમાં રોકાણકારોએ રૂ. 1.09 લાખ કરોડ ઉપાડ્યા હતા.